# જનરલ એનેસ્થેસિયા

## યુવાનો માટે માર્ગદર્શિકા

## જનરલ એનેસ્થેસિયા

જનરલ એનેસ્થેસિયા એ છે જ્યારે તમારા એનેસ્થેટીસ્ટ દવા (અથવા ક્યારેક એનેસ્થેટિક ગેસ) વાપરે છે જે ગાઢ ઊંઘ જેવી સ્થિતિ આપે છે, જે દરમિયાન તમે કંઈપણ જોઈ, સાંભળી કે અનુભવી શકતા નથી. આનો અર્થ એ છે કે તમે બેભાન છો અને જ્યાં સુધી એનેસ્થેટિક બંધ ન થાય ત્યાં સુધી તમે જાગી શકતા નથી. ઓપરેશન (શસ્ત્રક્રિયા) અને કેટલાક તબીબી પરીક્ષણો સહિત ઘણી પ્રક્રિયાઓ માટે જનરલ એનેસ્થેસિયા આવશ્યક છે.

## એનેસ્થેસિયા ટીમ

એનેસ્થેટીસ્ટ એવા ડોકટરો છે જેમણે શસ્ત્રક્રિયા અને/અથવા પરીક્ષણો દરમિયાન લોકોને આરામદાયક અને સલામત રાખવા માટે એનેસ્થેટિક દવાઓનો ઉપયોગ કરવાની નિષ્ણાત તાલીમ લીધી હોય છે. તમારા અને તમારા માતાપિતા અથવા સંભાળ રાખનાર વ્યક્તિનો એના પદ્ધતિ પહેલા એના એનોસ્ટેથિસિસ્ટ સાથે મળવાનું થશે. તેઓ પ્રક્રિયા પછી તમારી એનેસ્થેટિક અને દર્દમાં રાહત માટે તમારી સાથે એક યોજના માટે સંમત થશે. તેઓ તમારા કોઈપણ પ્રશ્નોના જવાબ આપવા માટે તૈયાર છે. શસ્ત્રક્રિયા (ઓપરેશન) અથવા પરિક્ષણ દરમિયાન એનેસથેટિસ્ટને અન્ય સ્ટાફ સભ્યોથી મદદ મળશે, જેમ કે એનેસ્થેસિયા સાથે સંકળાયેલ, ઓપરેટિંગ ડિપાર્ટમેન્ટ પ્રેક્ટિશનર (જેમને ક્યારેક ઓડીપી કહેવામાં આવે છે) અને થિયેટર નર્સ.

પ્રક્રિયાના થોડા અઠવાડિયા અથવા દિવસો પહેલા તમને પ્રીઓપરેટિવ એસેસમેન્ટ ક્લિનિકમાં પણ આમંત્રિત કરવામાં આવી શકે છે. અહીં એક નર્સ તમારા સ્વાસ્થ્ય વિશે પ્રશ્નો પૂછશે અને જરૂરી હોય તેવા કોઈપણ પરીક્ષણોની વ્યવસ્થા કરશે. તમને અને તમારા માતાપિતા અથવા સંભાળ રાખનારને કોઇ પ્રશ્ન હોય તો આ બીજી તક છે.

## સંમતિ

એનેસ્થેટીસ્ટ તમારી અને તમારા માતાપિતા/સંભાળ રાખનાર સાથે તમારી સંભાળ માટે યોજના બનાવી સંમતી માં કામ કરશે. જ્યાં સુધી યોજનાની ચર્ચા અને સંમતિ ન થાય ત્યાં સુધી તમારી સાથે કંઈ થશે નહીં. તમે ગમે તેટલા પ્રશ્નો પૂછી શકો છો જેથી કરીને તમે જે બની રહ્યું છે તે બધું સમજી શકો અને યોજનાને 'સંમતિ' આપી

શકો (સંમત થાઓ). એકવાર તમે પ્રસ્તાવિત એનેસ્થેટિક સંભાળથી ખુશ થાવ પછી તમે અથવા તમારા માતાપિતા/સંભાળ રાખનાર સંમતિ દસ્તાવેજ પર સહી કરશે. જો તમે તમારા પોતાના સંમતિ ફોર્મ પર સહી કરવા માટે પૂરતા વૃદ્ધ ન હોવ તો તમારા માતાપિતા અથવા સંભાળ રાખનારને તમારી શસ્ત્રક્રિયા માટે સંમતિ આપવાની જરૂર પડશે. જેમ-જેમ તમે મોટા થશો તેમ તમે આ નિર્ણયો વધુ સારી રીતે લઈ શકશો.

તમે નીચે બાળકો અને યુવાનો માટે સંમતિ વિશે વધુ વાંચી શકો છો:
ઇંગ્લેંડ: https://bit.ly/NHS-consent
સ્કોટલેંડ: https://bit.ly/NHSinform-consent.

# તમારા એનેસ્થેટિક માટે ની તૈયારી

## તમારું સ્વાસ્થ્ય

- એનેસ્થેટિક લેતા પહેલા તમારે શક્ય તેટલું સ્વસ્થ હોવું જરૂરી છે. તમે એનેસ્થેટિક લેતા પહેલા સ્વસ્થ જીવનશૈલીમાં ફેરફાર કરવાથી તમને વધુ ઝડપથી પુનઃપ્રાપ્ત કરવામાં મદદ મળશે.
- જો તમે કરી શકો તો, તમારા ઓપરેશનના છ અઠવાડિયા પહેલા અન્ય લોકોની સિગારેટના ધુમાડામાં શ્વાસ લેવાનું ટાળવાનો પ્રયાસ કરો અને જાતે ધૂમ્રપાન કરશો નહીં. તે પણ મહત્વનું છે કે તમે ધૂમ્રપાન ન કરો અથવા તમારી વેપ ન કરો. કદાચ આ સમય દરમિયાન તમે જેની સાથે રહો છો અને જે ધૂમ્રપાન કરે છે અથવા વેપ કરતા હોય છે તે કોઈપણને વિનંતી કરવાની કે તે બહાર કરે. શસ્ત્રક્રિયાના થોડા સમય પહેલા છોડી દેવા અથવા ઘટાડવાથી હોસ્પિટલમાં તમારા રોકાણની અવધિ ઘટાડી શકાય છે અને ઘા રૂઝાય છે અને ફેફસાંના કાર્યમાં સુધારો થાય છે.
- શસ્ત્રક્રિયા પહેલાના દિવસો અને અઠવાડિયામાં તમારે દારૂ ન પીવો જોઈએ. વધારે પડતું દારૂ તમારા પિત્તાશયને યોગ્ય રીતે કામ કરવા દેતું નથી અને તમારા ઉપચાર અને પુનઃપ્રાપ્તિને ધીમું કરી શકે છે.
- તમારી પોતાની સલામતી માટે, તમારા અનેસ્થેટીસ્ટને એ જાણવાની જરૂર છે કે તમે ગર્ભનિરોધક ગોળી લઈ રહ્યા છો અથવા તમે કોઈપણ પ્રકારની મનોરંજક દવાઓ અથવા સપ્લિમેન્ટ્સ લો છો.
- જ્યારે અનેસ્થેટીસ્ટ તમને ધૂમ્રપાન, દારૂ પીવા, અને ડ્રગ્સ લેવા વિશે પ્રશ્નો પૂછે, ત્યારે કૃપા કરીને તમારા જવાબોમાં પ્રમાણિક બનો. અમે જાણીએ છીએ કે આ મુદ્દાઓ પર ચર્ચા કરવી અણઘડ હોઈ શકે છે, તેથી જો તમે તમારા માતા-પિતા/સંભાળ રાખનાર હાજર ન રહેવાનું પસંદ કરો છો, તો તમે અનેસ્થેટીસ્ટ સાથે એકલા વાત કરવાનું કહી શકો છો. પ્રમાણિક હોવાનો અર્થ એ નથી કે તમે મુશ્કેલીમાં મુકાઈ જશો!
- જો તમારી શસ્ત્રક્રિયા થઈ રહી હોય, તો તમારે તમારા આહાર અને તમારા માવજત સ્તરનું પણ વિચારવું જોઈએ. ઓપરેશનની રાહ જોતી વખતે, તે સમયનો ઉપયોગ તમે તમારી જાતને શક્ય શ્રેષ્ઠ સ્થિતિમાં લાવવા માટે કરી શકો છો, જેથી કરીને તમે વધુ ઝડપથી સ્વસ્થ થઈ શકો અને સામાન્ય થઈ શકો. તમે અમારી વેબસાઇટ પર શસ્ત્રક્રિયાની તૈયારી વિશે વધુ માહિતી મેળવી શકો છો જે અહીં વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે: www.rcoa.ac.uk/patientinfo/translations#languages.

- જો તમને કોઈ લાંબા ગાળાની તબીબી સમસ્યાઓ હોય કે જે સારી રીતે નિયંત્રિત ન હોય, તો તમારે અથવા તમારા માતા-પિતા/સંભાળ રાખનારએ તમારી શસ્ત્રક્રિયાની તારીખ પહેલાં તમારા જી.પી. અથવા નિષ્ણાતનો સંપર્ક કરવો જોઈએ અને તેમને જણાવવું જોઈએ કે તમારે એનેસ્થેટિક લેવાનું છે. પછી તમે હોસ્પિટલમાં તમારા સમય દરમિયાન શક્ય તેટલું સુરક્ષિત રહેવા માટે તમારે અને તમારા અનેસ્થેટીસ્ટને તમારા માટે કયા પગલાં લેવાની જરૂર છે તે વિશે તમે તેમની સાથે વાત કરી શકો છો.
- તમે જે દવાઓ નિયમિતપણે લો છો તે દવા તમારી સાથે હોસ્પિટલમાં લઈને આવજો. જો તમારે તેમને લેવાનું બંધ કરવાની જરૂર હોશે તો હોસ્પિટલના કર્મચારીઓ તમને જણાવશે.
- જો શક્ય હોય તો, કોઈપણ એલર્જી અથવા પરિવારના કોઈપણ સભ્યો વિશે માહિતી મેળવો કે જેમને અનેસ્થેટીસ્ટની પ્રતિક્રિયા થઈ હોય, જેથી તમે તમારા એનેસ્થેટિસ્ટને કહી શકો.
- ૧૨ વર્ષથી વધુ ઉંમરની કોઈપણ છોકરી માટે પેશાબના નમૂનાનું પરીક્ષણ કરીને ગર્ભાવસ્થા પરિક્ષણ કરવું સામાન્ય છે. આ એટલા માટે છે કારણ કે ગર્ભાવસ્થા, પ્રારંભિક ગર્ભાવસ્થા પણ, કેટલીક એનેસ્થેટિક્સની કાર્ય કરવાની રીતને અસર કરી શકે છે, તેથી એનેસ્થેટિસ્ટને આ વિશે જાણવવું જરૂર છે. કેટલીક સારવારો અને પરીક્ષણો અજાત બાળકને પણ નુકસાન પહોંચાડી શકે છે. ડૉક્ટરો અને નર્સો સમજે છે કે આ ચર્ચા કરવા માટે સંવેદનશીલ મુદ્દો હોઈ શકે છે, તેથી સૌને પરીક્ષણ કરવું એ સૌથી સલામત અને ન્યાયસંગત રીત છે. હોસ્પિટલના કર્મચારીઓ આ પરીક્ષણો ખૂબ જ ઝડપથી અને ખૂબ જ સમજદારીથી કરવા માટે ટેવાયેલા છે. વધુ માહિતી અહીં મળી શકે છે: https://flipbooks.leedsth.nhs.uk/LN005583.pdf.

## તમારા એનેસ્થેટિક પહેલાંનું ખાવા અને પીવાનું

- તમારી શસ્ત્રક્રિયા પહેલાં તમારે ક્યારે ખાવાનું અને પીવાનું બંધ કરવું તે અંગે હોસ્પિટલે તમને સ્પષ્ટ સૂચનાઓ આપવી જોઈએ.
- તમારા અને તમારા બાળક માટે આ સૂચનાઓનું પાલન કરવું મહત્વપૂર્ણ છે. જો એનેસ્થીટિક દરમિયાન તમારા પેટમાં વધારે ખોરાક કે પ્રવાહી હોય, તો તે તમારા ગળા અને ફેફસામાં આવી શકે છે. આ તમારા ફેફસાંને ગૂંગળામણ અથવા ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. તમને સામાન્ય રીતે ઓછી માત્રામાં સ્પષ્ટ પ્રવાહી (સામાન્ય રીતે પાણી અથવા પાતળું સ્ક્વોશ) લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે - આ તમારા એનેસ્થેટિકના સમયને વાર હોય ત્યાં સુધી વાંધો ના આવે.

## કપડાં

- ઢીલું અને આરામદાયક કંઈક પહેરો જે પછી ધોવા માટે સરળ હોય. હોસ્પિટલમાં આવવા માટે નવા અથવા કિમતી કપડાં પહેરવાનું ટાળો.
- પૂછો કે તમારે પાયજામા, ચપ્પલ અને/અથવા ડ્રેસિંગ ગાઉન લાવવાની જરૂર છે.
- ઘરે જવા માટે કંઈક બદલવા માટે લાવો.
- તમને હોસ્પિટલનો ગાઉન પહેરવાનું કહેવામાં આવી શકે છે.

- સામાન્ય રીતે, જ્યારે તમે થિયેટરમાં જાવ ત્યારે તમે તમારા મોટાભાગના અંદરનાં કપડાં પહેરી શકો છો, જેમાં બ્રાનો સમાવેશ થાય છે જો તેમાં મેટલ અંડરવાયરિંગ ન હોય, પરંતુ તમારી નર્સ સાથે તપાસ કરો. ઓપરેશન અથવા ટેસ્ટ દરમિયાન કેટલીકવાર અંદેરના કપડાં કઢવાની જરૂર પડી શકે છે.
- ક્યારેક સર્જન સર્જીકલ વિસ્તારમાંથી કેટલાક વાળ મુંડાવી શકે છે, પરંતુ સામાન્ય રીતે તેઓ તમને અગાઉથી કહેશે કે આવું કરવામાં આવશે.
- તમારા ઓપરેશન પહેલા તમને ઘૂંટણની લંબાઈના લચકદાર મોજાં પહેરવાનું કહેવામાં આવી શકે છે. આ લોહીના ગંઠાવાનું અટકાવવા માટે તમારા પગની આસપાસ લોહીને સારી રીતે ફરતા રાખવામાં મદદ કરે છે.

### જ્વેલરી અને મેક-અપ

- જો શક્ય હોય તો, કૃપા કરીને કોઈપણ ઘરેણાં અને સજાવટવાળા વેધન ઘરે છોડી જ રાખો. જો તમે તમારા દાગીનાને કાઢી શકતા નથી, તો જો શક્ય હોય તેને તમારી ત્વચાને નુકસાન અટકાવવા માટે ટેપથી ઢાંકવું જોઈએ.
- મહેરબાની કરીને મેક-અપ, ખોટા પાંપણો અને કોઈપણ પ્રકારની નખની સજાવટ (ખોટા નખ, જેલ, એક્રેલિક, નેલ પોલીશ વગેરે) લાગાવાનુ ટાળો. જ્યારે તમે ઊંઘતા હોવ ત્યારે ખોટા પાંપણો તમારી આંખોને નુકસાન પહોંચાડી શકે છે અને નખની સજાવટ દેખરેખના સાધનોને યોગ્ય રીતે કામ કરતા અટકાવે છે. હોસ્પિટલ કર્મચારી દ્વારા આને દૂર કરવાની જરૂર પડી શકે છે અને તમારી સારવારમાં વિલંબ થઈ શકે છે.

### સમય પસાર કરવા

- આસપાસ ઘણી વાર રાહ જોવાતી હોય છે.
- સમય પસાર કરવા માટે કંઈક લાવો (ઉદાહરણ તરીકે, પુસ્તક, મેગેઝિન અથવા તમારો મોબાઈલ ફોન). કૃપા કરીને તમારા હેડફોન અને ચાર્જર સાથે લાવવાનું યાદ રાખો.
- મહેરબાની કરીને યાદ રાખો કે રાહ જોવાના આ સમય દરમિયાન ધૂમ્રપાન ન કરો અથવા ગમ ચ્યુ ન કરો, અને ખાવા-પીવા અંગેના માર્ગદર્શિકાનું કાળજીપૂર્વક પાલન કરો.

## એનેસ્થેટિક લેવાની ક્રિયા

- તમારા એનેસ્થેટીસ્ટ ઘણીવાર ઓપરેશન થિયેટરની બાજુના રૂમમાં તમારી એનેસ્થેટિક શરૂ કરશે, જેને એનેસ્થેટિક રૂમ કહેવાય છે. ક્યારેક તે રૂમમાં થઈ શકે છે જ્યાં ઓપરેશન/પરીક્ષણ થશે.
- તમારા એનેસ્થેટીસ્ટ સામાન્ય રીતે કેન્યુલા દ્વારા તમને કેટલીક દવા આપીને તમારી એનેસ્થેટિક શરૂ કરશે (આ અંગે વધુ માહિતી માટે નીચે જુઓ). ક્યારેક તેઓ તમને એવા ગેસમાં શ્વાસ લેવાનું કહેશે જેની ગંધ થોડી ફેલ્ટ-ટીપનાં પેન જેવી હોય. તમારા એનેસ્થેટિસ્ટ તમારી અને તમારા માતાપિતા અથવા સંભાળ રાખનાર સાથે તમારા માટે શ્રેષ્ઠ છે તે પદ્ધતિની ચર્ચા કરશે.

- તમારી કેન્યુલા દ્વારા દવા આપવી એ તમને બેભાન કરવાનો સૌથી ઝડપી રસ્તો છે. જો તમે ગેસનો શ્વાસ લો છો, તો એકવાર તમે બેભાન થઈ જાવ પછી તમને કેન્યુલા મૂકવામાં આવશે, જેથી એનેસ્થેટીસ્ટ તમારી પ્રક્રિયા દરમિયાન તમને વધુ એનેસ્થેટિક, પીડા નિવારક અથવા અન્ય દવાઓ અને પ્રવાહી આપી શકે. તમે બેભાન થાઓ તે પહેલાં આ માથી કોઈપણ પદ્ધતિ તમને હળવા માથાનો અનુભવ કરાવશે.
- જો તમે ઇચ્છો તો, તમારા માતા-પિતા/સંભાળ રાખનાર જ્યાં સુધી તમે બેભાન ન થાઓ ત્યાં સુધી તમારી સાથે રહી શકશે. તમે પછી, તેઓ તમારી રાહ જોઈ રહીને વેઇટિંગ રૂમ અથવા વોર્ડમાં રાહ જોઈ શકે છે. વૈકલ્પિક રીતે, જ્યારે એનેસ્થેટિક કામ કરવાનું શરૂ કરશે ત્યારે એક નર્સ તમારી સાથે રહેશે.

### કેન્યુલા

- કેન્યુલા એ પાતળી, લવચીક પ્લાસ્ટિકની નળી છે જે સામાન્ય રીતે તમારા હાથની પાછળની બાજુએ શીરામાં નાખવામાં આવે છે.
- જ્યારે કેન્યુલા નાખવામાં આવે ત્યારે કોઈપણ અસ્વસ્થતા ઘટાડવા માટે તમને તમારા હાથના પાછળના ભાગ માટે સુન્ન ક્રીમ અથવા ખાસ કોલ્ડ સ્પ્રે ઓફર કરવામાં આવી શકે છે.
- કેન્યુલાને અંદર નાખવા માટે ઝીણી સોયનો ઉપયોગ કરવામાં આવે છે, પછી સોયને તરત જ દૂર કરવામાં આવે છે.
- એકવાર કેન્યુલા સ્થાને આવી જાય, પછી તમારી દવાઓ વધુ સોયનો ઉપયોગ કર્યા વિના તેના દ્વારા આપી શકાય છે. કેટલીકવાર આ થોડી શરદી, કળતર અથવા હળવી અસ્વસ્થતાનું કારણ બની શકે છે.
- જો તમને પાછળથી પેઇનકિલર્સ, પ્રવાહી અથવા અન્ય દવાઓની જરૂર હોય તો ઑપરેશન પછી તમારી કેન્યુલા સામાન્ય રીતે જગ્યાએ છોડી દેવામાં આવે છે.

## એનેસ્થેટિક દરમિયાન

- એક એનેસ્થેટીસ્ટ હંમેશા તમારી સાથે રહેશે.
- એનેસ્થેટીસ્ટનું કામ તમને સુરક્ષિત રાખવાનું અને ઓપરેશન પૂરું ન થાય ત્યાં સુધી તમને બેભાન રાખવા માટે પૂરતી એનેસ્થેટિક અને પીડામાં રાહત રાખવાનું છે.
- એનેસ્થેટીસ્ટ સમગ્ર ઓપરેશન દરમિયાન (તમારા બ્લડ પ્રેશર, હાર્ટ રેટ અને શ્વાસ સહિત) તમારી ખૂબ નજીકથી દેખરેખ રાખે છે.

## જગ્યા પછી

- ઓપરેશન/પરીક્ષણો બધામાં અલગ-અલગ સમય લાગે છે, પરંતુ પ્રક્રિયા પૂરી થતાં જ એનેસ્થેટીસ્ટ તમને એનેસ્થેટિક દવાઓ આપવાનું બંધ કરી દેશે. આ તમને લગભગ પાંચ મિનિટ પછી જાગવાની મંજૂરી આપશે.

- તમે સંભવતઃ રિકવરી રૂમમાં જાગી જશો પરંતુ તમને પ્રથમ થોડી મિનિટો યાદ નહીં હોય અથવા તમે ક્યાં છો તે બરાબર સમજી શકશો નહીં. થિયેટર ટીમના પ્રશિક્ષિત સભ્ય, સામાન્ય રીતે રિકવરી નર્સ, તમારી સંભાળ રાખશે.
- પછી તમે કેવું અનુભવો છો તે પ્રક્રિયાના પ્રકાર અને તમે લીધેલ એનેસ્થેટિક પર આધાર રાખે છે. કેટલાક લોકોને ગળું અથવા સૂકું ગળું અથવા માથાનો દુખાવો હોઈ શકે છે અથવા થોડી ઊંઘ આવી શકે છે. તમારા એનેસ્થેટીસ્ટ સામાન્ય રીતે તમને લાગે કે બીમાર થવાથી બચવા માટે તમને દવા આપશે, પરંતુ તમે કંઈક પીશો અથવા ખાશો પછી પણ તમને સારું લાગશે. કેટલીકવાર તમને થોડી ઠંડી અથવા કંપનો અનુભવ થઈ શકે છે. જો એમ હોય, તો તમને ગરમ કરવા માટે ધાબળો આપવામાં આવશે.

### પીડા સારવાર

- પીડાને રોકવા અને સારવાર કરવી મહત્વપૂર્ણ છે, અને કેટલાક લોકોને (અને અમુક પ્રકારના ઓપરેશન) ને અન્ય લોકો કરતા વધુ પીડા રાહતની જરૂર છે.
- પીડા ખરાબ થાય તે પહેલાં તેની સારવાર કરવી સરળ છે, તેથી જ્યારે પણ તમે અસ્વસ્થતા અનુભવો ત્યારે તમારે તમારી રિકવરી નર્સ અથવા એનેસ્થેટિસ્ટને મદદ માટે પૂછવું જોઈએ, તે વધુ ખરાબ થાય ત્યાં સુધી રાહ જોવાને બદલે.

### વોર્ડ પર પાછા

- તમે શરૂઆતમાં ખૂબ થાક અનુભવી શકો છો.
- જો તમને કોઈ સમસ્યા હોય, તો કોઈને જણાવો જેથી તેઓ મદદ કરી શકે. તમારે બઝર દબાવવું પડશે અથવા તમારા માતાપિતા/સંભાળ રાખનારને તમારા માટે નર્સ શોધવાનું કહેવું પડશે.
- તમે કેટલી વાર ફરીથી ખાઈ-પી શકો છો તે પ્રક્રિયાના પ્રકાર અને તમે લીધેલી પીડા નિવારક પર આધાર રાખે છે. તમારી નર્સ અથવા અનેસ્થેટીસ્ટ તમને સલાહ આપી શકશે.
- જ્યાં સુધી તમારા ઘરે જવું સલામત ન થાય ત્યાં સુધી તમે હોસ્પિટલમાં જ રહેશો. જો તમે સામાન્ય રીતે સ્વસ્થ હો અને પ્રક્રિયા સીધી હોય તો ઘણી પ્રક્રિયાઓ માટે તમે તે જ દિવસે ઘરે જઈ શકો છો.

## એનેસ્થેસિયા સાથે સંકળાયેલા જોખમો

આધુનિક એનેસ્થેટિક્સ ખૂબ જ સલામત છે. એનેસ્થેટિક દવાઓ અથવા ઉપયોગમાં લેવાતા ઉપકરણોની કેટલીક સામાન્ય આડઅસરો છે, જે સામાન્ય રીતે ગંભીર અથવા લાંબા સમય સુધી ચાલતી નથી. એનેસ્થેટીસ્ટ તમારી અને તમારા માતા-પિતા અથવા સંભાળ રાખનાર સાથે તે જોખમો વિશે ચર્ચા કરશે જે તેઓ માને છે કે તમારા માટે વધુ મહત્વપૂર્ણ છે. તમે એનેસ્થેસિયા સાથે સંકળાયેલા જોખમો વિશે વધુ વિગતો અમારી વેબસાઇટ પર વાંચી શકો છો જે અહીં વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે:
www.rcoa.ac.uk/patientinfo/translations#languages.

## સ્થાનિક અને રિજનલ એનેસ્થેસિયા

- કેટલીકવાર તમે તમારી શસ્ત્રક્રિયા દરમિયાન જાગૃત રહેવાનું પસંદ કરી શકો છો. જો આ શક્ય હોય, તો તમારા સર્જન અને/અથવા એનેસ્થેટીસ્ટ તમારી અને તમારા માતા-પિતા/સંભાળ રાખનાર સાથે તેની ચર્ચા કરશે. તે કિસ્સામાં, તમે તમારા શરીરના એક ભાગને સુન્ન કરવા માટે સ્થાનિક એનેસ્થેટિકના ઇન્જેક્શન લગાવી શકો છો જેથી તમને ત્યાં દુખાવો ન થાય.
- જો તમને લાગતું હોય કે તમને જાગતા રહેવાનું ગમશે, તો તમે તમારા પૂર્વ-મૂલ્યાંકનમાં આની ચર્ચા કરી શકો છો.

## જો તમે વધુ જાણવા માંગતા હો

- વધુ માહિતી માટે અમારી વેબસાઇટ પર વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે: www.rcoa.ac.uk/patientinfo/translations#languages.

### અસ્વીકરણ

અમે આ પત્રિકામાંની માહિતીને સચોટ અને અદ્યતન રાખવા માટે ખૂબ જ પ્રયાસ કરીએ છીએ, પરંતુ અમે તેની ખાતરી આપી શકતા નથી. અમે આ સામાન્ય માહિતી તમારી પાસેના બધા પ્રશ્નોને અથવા તમારા માટે મહત્વપૂર્ણ હોય તે દરેક વસ્તુ સાથે વ્યવહાર કરે એવી અપેક્ષા રાખતા નથી. માર્ગદર્શિકા તરીકે આ પત્રિકાનો ઉપયોગ કરીને, તમારે તમારી મેડિકલ ટીમ સાથે તમારી પસંદગીઓ અને કોઈપણ ચિંતાઓની ચર્ચા કરવી જોઈએ. આ પત્રિકા જાતે જ સલાહ તરીકે માનવી જોઈએ નહીં. તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક હેતુ માટે કરી શકાય નહિ. સંપૂર્ણ અસ્વીકરણ માટે, કૃપા કરીને અહીં ક્લિક કરો (www.rcoa.ac.uk/patient-information/translations/gujarati).

બધા અનુવાદો Translators without Borders (ટ્રાન્સ્લેટર વિથાઉટ બૉર્ડર્સ) સમુદાયના અનુવાદકો દ્વારા પ્રદાન કરવામાં આવે છે. અનુવાદોની ગુણવત્તા શક્ય તેટલી સચોટ બનાવવા માટે ચકાસવામા આવેલ છે, પરંતુ તેમાં કેટલીક માહિતીના અચોક્કસ અને ખોટા અર્થઘટનનું જોખમ છે.

# તમે શું વિચારો છો તે અમને કહો

અમે આ પત્રિકામાં સુધારો દર્શાવતા સૂચનોનું સ્વાગત કરીએ છીએ.

જો તમારી પાસે કોઈ ટિપ્પણી છે જે તમે કરવા માંગતા હો, તો કૃપા કરીને તેમને ઇમેઇલ કરો: patientinformation@rcoa.ac.uk

**Royal College of Anaesthetists**
ચર્ચિલ હાઉસ, 35 રેડ લાયન સ્ક્વેર, લંડન WC1R 4SG
020 7092 1500

## www.rcoa.ac.uk

### ચોથી આવૃત્તિ, ઓક્ટોબર ૨૦૨૪

પ્રકાશનની તારીખના ત્રણ વર્ષમાં આ પત્રિકાની સમીક્ષા કરવામાં આવશે.

**© 2024 Royal College of Anaesthetists and Association of Paediatric Anaesthetists of Great Britain and Ireland**
આ પત્રિકાની દર્દીની માહિતી સામગ્રીઓ બનાવવાના હેતુથી નકલ કરવામાં આવી શકે છે. કૃપા કરીને આ મૂળ સ્ત્રોતને ટાંકવું ભૂલશો નહી જો તમે આ પત્રિકાના ભાગને બીજા પ્રકાશનમાં વાપરવા માંગતા હો, તો લોગો, બ્રાંડિંગ અને છબીઓ દૂર કરવી આવશ્યક છે અને તેને યોગ્ય માન્યતા આપવી જ જોઇએ. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો.